# પૂરતી ટેરાકોટાની કલાશૈલી

નામ કલુ. કલા અને કલુ વચ્ચે બહુ જૂનો સંબંધ હોય એવું લાગે છે.

કલ્પના મૂળ કેન્યા (આફ્રિકા)માં જન્મેલી. અઢાર વરસની થઈ ત્યારે ઉચ્ચ કેળવણી માટે વિદ્યાનગર આવી. બી.કોમ. થઈને શરદ અમીન સાથે પ્રેમલગ્ન કર્યાં. લગ્નમાં પિયરની ભેટ સાથે લાકડાંનાં ઘણાં બધાં આફ્રિકી મહોરાં (માસ્ક) લાવેલી. આ માસ્કને માટી પર ઢાળ્યાં હોય તો? એવો વિચાર કલ્પનાને સતત આવતો. રવિકિરણ પોટરીવાળા અમીન પરિવારના ફેમિલી ફ્રેન્ડ છે. કલ્પનાએ એક દિવસ માટીના માસ્ક બનાવીને રવિકિરણની પોટરીની ભઠ્ઠીમાં પકવ્યા. એમાં સફળતા મળતાં કલ્પના નવા નવા પ્રયોગો કરવા માંડી. બજારમાં મળે છે તેવા આદમકદનાં પૂતળાં-પ્રતિમાઓ બનાવવાની ઈચ્છા જાગી. પરિવારની



'ફ્લો આર્ટ'નું પ્રવેશદ્વારઃ ગુજરાતની સર્વપ્રથમ ટેરાકોટા કલાકૃતિઓની ગેલેરી.





માટીને પકવીને તૈયાર થતી કલાકૃતિને વૂડન અર્થાત્ લાકડાં જેવો દેખાવ પણ આપી શકાય છે.